૨૫૧/૮

સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવા બાબત....

આદિજાતિ વિકાસ કમિશ્નરની કચેરી
ગુ. રા. ગાંધીનગર.
ઈ.નં. ૧૭૧૮
તારીખ ૧૯/૧૧/૦૯

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક : સફક/૨૦૨૦૦૮/ન.બા. ૩૯/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 11 NOV 2009

વંચાણે લીધા :- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા. ૨૧-૯-૨૦૦૫નો ઠરાવ ક : પીએમ એસ/૧૦૨૦૦૫/૭૫૯/ગ.
(૨) ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયનો તા. ૩-૭-૨૦૦૭નો પત્ર ક્રમાંક : ૨૦૦૧૪/૫/૨૦૦૨-Scheme/Education.
(૩) ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયનો તા. ૪-૩-૨૦૦૮નો પત્ર ક્રમાંક : ૧૯૦૧૨/૮૫/૨૦૦૬/Education.

**પ્રસ્તાવના:-**

ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની યોજના હેઠળ માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં એસ.એસ.સી. પછીના માન્ય અભ્યાસક્રમો માટે ફરજિયાત ભરવી પડતી "નોન-રીફંડેબલ" ફી ચુકવવાની જોગવાઇ ન હતી. એટલે કે માન્યતા પ્રાપ્ત સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓમાં ફ્રી સીટ કે પેમેન્ટ સીટ ઉપર માન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને, ફક્ત સરકારી કોલેજમાં ભરવી પડતી ફી જેટલી ફી મળવાપાત્ર હતી. તેમાં સુધારો કરીને વંચાણે લીધા ક્રમાંક (૩)ના ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના તા. ૪-૩-૨૦૦૮ના પત્રથી સરકાર માન્ય શિક્ષણ ફીનું ધોરણ રદ કરવામાં આવેલ છે. અર્થાત, હવે ભારત સરકારની યોજના મુજબ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને માન્યતા પ્રાપ્ત સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓની પૂરેપૂરી ફી મળવાપાત્ર થાય છે. પરંતુ, વંચાણે લીધા ક્રમાંક (૨)ના ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના તા. ૩-૭-૨૦૦૭ના પત્ર અન્વયે આવા લાભાર્થીની આવકની મર્યાદાનું ધોરણ રૂ. ૧.૦૮/- લાખ રાખવામાં આવેલ છે જેને પરિણામે તેથી વધુ આવક ધરાવતા અનુ. જનજાતિના વાલીઓની કન્યાઓ (વિદ્યાર્થીનીઓ)ને આ લાભ મળવાપાત્ર થાય નહીં. તેના સંદર્ભમાં જે રીતે રાજ્ય સરકારના ભંડોળમાંથી વિદ્યાર્થીનીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ચુકવવાની જોગવાઇ છે, તે જ રીતે સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓમાં અભ્યાસ કરતી હોવા છતાં અનુ. જનજાતિની વિદ્યાર્થીનીઓ, આવક-મર્યાદાને કારણે શિષ્યવૃત્તિ ઉપરાંતની સરકાર માન્ય શિક્ષણ ફી તથા નોન-રીફંડેબલ ફી મેળવવાથી વંચિત રહી ન જાય અને અનુસૂચિત જાતિની કન્યાઓને સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં બધા સ્તરે ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવા અંગેનો વંચાણે લીધા ક્રમાંક (૧)ના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧/૯/૦૫ના ઠરાવના ધોરણે અનુસૂચિત જનજાતિના

વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને પણ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં બધા સ્તરે ફીમાંથી મુક્તિ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

માન્યતા પ્રાપ્ત સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓમાં માન્ય અભ્યાસક્રમોમાં ફ્રી સીટ કે પેમેન્ટ સીટ ઉપર પ્રવેશ મેળવતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ભારત સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અન્ય તમામ શરતો પરીપૂર્ણ કરતા હોય તો શિષ્યવૃત્તિ ઉપરાંત સંબંધિત અભ્યાસક્રમ માટે સરકાર માન્ય શિક્ષણ ફી તથા નોન-રીફંડેબલ ફી સરકારશ્રી તરફથી ચૂકવવાની યોજના બાબતની રૂ. ૧૯૨/- લાખની નવી બાબતનો વર્ષ ૨૦૦૯-૧૦ના સુધારેલ અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં બધા સ્તરે ફીમાંથી મુક્તિ આપવા બાબતની વર્ષ ૨૦૦૯-૧૦ના સુધારેલ અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ. ૧૯૨/- લાખની આ નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સરકારી, સરકાર માન્ય ગ્રાન્ટેબલ, સરકાર માન્ય બિન સરકારી, બિન ગ્રાન્ટપાત્ર, બિન સરકારી (સેલ્ફ ફાઇનાન્સ) શાળા, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, ઓપન યુનિવર્સિટીઓમાં એસ.એસ.સી પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ કે જેઓ ભારત સરકારની પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની તમામ શરતો પૂર્ણ કરતા હોય તો તેમને શિષ્યવૃત્તિ ઉપરાંત સરકાર માન્ય શિક્ષણ ફી અને અન્ય નોન-રીફંડેબલ ફી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ચુકવવામાં આવશે.

(૨) હાલ ભારત સરકારના પોષ્ટમેટ્રીક શિષ્યવૃત્તિના નિયમો હેઠળ આવક-મર્યાદા વાર્ષિક રૂ. ૧.૦૮/- લાખ ઠરાવેલ છે. તે જ ધોરણ ચાલુ રહેશે. ભારત સરકાર તરફથી આવક-મર્યાદાના ધોરણમાં સુધારા વધારા થાય તે આ ઠરાવના સંદર્ભમાં આપોઆપ લાગુ પડશે, પરંતુ અનુ. જનજાતિની વિદ્યાર્થીનીઓ માટે આવક-મર્યાદાનું ધોરણ લાગુ પડશે નહીં.

(૩) સને ૨૦૦૯-૧૦ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) સૂચિત યોજના સંદર્ભમાં ભારત સરકારની ગાઇડ લાઇન્સનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) સૂચિત યોજના સંદર્ભમાં ભારત સરકાર તરફથી ગ્રાંટ/સહાય મળનાર થતી હોય તો તે સત્વરે મેળવી લેવાની રહેશે.

(૭) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧/૮/૨૦૦૯ થી કરવાનું રહેશે અને વર્ષ ૨૦૦૮-૦૯ થી

અમલી બનશે.

(૮) જસ્ટીસ શ્રી શાહ સમિતિએ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો માટે નક્કી કરેલ ફીના ધોરણની મર્યાદામાં સહાય કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ "અંદાજપત્ર માંગણી ક્રમાંક : ૯૩ : આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫. અનુસૂચિત જાતિઓ, અનુ. જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ. પેટા મુખ્ય સદર : ૦૨ - અનુ. આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૨૭૭ શિક્ષણ" હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે તેમજ તે સદરે ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૩૦-૧૦-૨૦૦૯ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્યોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

નામ. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
મુકામી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે તકેદારી અધિકારીશ્રી (આ. વિ.).
સમાજ કલ્યાણ અધિકારીશ્રી (આ.વિ.), કચ્છ, ભૂજ/ડાંગ-આહવા.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેક્ટરશ્રી.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સર્વે તિજોરી અધિકારીશ્રી.
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
કુલપતિશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-૪.
કુલપતિશ્રી, ઇન્દીરા ગાંધી ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
નાણાકીય સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
શાખા સિલેક્ટ ફાઇલ.